## વિષય : ગુજરાતી    ધોરણ : 7    સત્ર : 1

# એકમ કસોટી

## 3. પરીક્ષા    જવાબવહી

### પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) નારજીકાકાના અને ખુશાલમાના ખેતરમાંથી શું વિચારીને મહાદેવે ગાયને હાંકી કાઢી ?**

**ઉત્તર** : મહાદેવ ગાયને હાંકતો હાંકતો આગળ વધતો હતો. તેણે જોયું કે ગાય નારજીકાકાના ખેતરમાં ઘૂસી હતી. નારજીકાકાનો સ્વભાવ ખારીલો હતો. નાહકનો તેમની સાથે ઝઘડો થશે તથા ખુશાલમા પોતાનું ખેતર બીજા પાસેથી હળ માગીને ખેતી કરાવતાં હતા. આમ, આવું વિચારીને તેણે બંનેના ખેતરમાંથી ગાયને હાંકી કાઢી.

**(2) "ઘઉં-ચણાના મોલ ઉપર સૂર્ય સોનું છાંટવા લાગ્યો." – વાક્યનો અર્થ સ્પષ્ટ કરો.**

**ઉત્તર** : વસંતઋતુમાં ઘઉં અને ચણાનો પાક તૈયાર થાય છે. તેના ઉપર સૂર્યનો તડકો પડતાં જ આ સૂકાયેલો પાક જાણે સોનેરી જેવા પીળાશ પડતાં રંગનો બની જાય છે, ત્યારે આખેઆખા ખેતરો સોનેરી બની ચમકી ઊઠે છે. જાણે સૂર્ય સ્વયં ધરતી પર આવીને સોનું છાંટી રહ્યો હોય એવું આપણે લાગે છે. આમ, મોલ ઉપર સૂર્ય સોનું છાંટતો હોય એવું દશ્ય અહીં ઊભું થાય છે.

**(3) ગાય કોના કોના ખેતરમાંથી પસાર થઈ ?**

**ઉત્તર** : ગાય સૌથી પહેલાં મહાદેવના માસીના ખેતરમાં ઘૂસી, ત્યારપછી તેના કાકાના ખેતરમાં; પછી નારજીકાકાના ખેતરમાં; પછી શંકાના ખેતરમાં; પછી મહાદેવના પોતાના ખેતરમાં અને છેલ્લે ખુશાલમાના ખેતરમાંથી પસાર થઈ.

**(4) પરીક્ષામાં મોડા પડેલા મહાદેવને ઇન્સ્પેકટરે કેમ બેસવા દીધો ?**

**ઉત્તર** : પરીક્ષા આપવા નીકળેલા મહાદેવે જ્યારે ગાયને ખેતરમાં ઘઉંનો ઊભો પાક ખાતી જોઈ ત્યારે તે ગાયને એક પછી એક ખેતરમાંથી કાઢવા લાગ્યો. આવું કરવા જતાં તેને પરીક્ષામાં સમયસર પહોંચવામાં મોડું થઈ ગયું. આ આખી સાચી વાત જ્યારે મહાદેવે ઇન્સ્પેકટરને કહી ત્યારે તેમને મન મહાદેવના આવા માનવતાભર્યા કાર્ય માટે ઘણું માન થયું. તેના આવા સારા કાર્ય માટે ઇન્સ્પેક્ટરે તેને પરીક્ષામાં બેસવા દીધો.

## વિષય : ગુજરાતી    ધોરણ : 7    સત્ર : 1

# એકમ કસોટી

## 3. પરીક્ષા    જવાબવહી

### પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો.

(1) સીશ્યવુત્તિ – **શિષ્યવૃત્તિ**

(2) ઇનશ્પેકટર – **ઇન્સ્પેકટર**

(3) પરિક્ષા – **પરીક્ષા**

(4) વિધાધીકારી – **વિદ્યાધિકારી**

### પ્રશ્ન-3. નીચે આપેલા વાક્યો કોણ બોલે છે લખો.

(1) "ઉપાડો પગ, આજે મારે પરીક્ષા આપવાની છે." – **મહાદેવ**

(2) "તારે આપવાની છે. અમારે શું ?" – **મોટો છોકરો**

(3) "કેમ ભાઈ, મોડો પડ્યો ?" – **ઇન્સ્પેકટર**

(4) "એટલામાં તો કાપલો કાઢી નાંખશે ?" – **મહાદેવ**

### પ્રશ્ન-4. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યપ્રયોગ કરો.

(1) માઝા મૂકવી – **મર્યાદા ત્યજી દેવી.**

**વાક્ય** : મારા ઘરની વહુ ક્યારેય **માઝા મૂકીને** વાત કરતી નથી.

(2) ગામનું નાક રહેવું – **ગામની પ્રતિષ્ઠા સચવાવી.**

**વાક્ય** : ગામ લોકો કહે છે, મોહનકાકા આપણા ગામની નાક છે.